વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબત અંતર્ગત મંજૂર થયેલ ટેકનિકલ જગ્યાઓના ઠરાવમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2538/CHH Section

સચિવાલય, ગાંધીનગર

તા: *e-sign* મુજબ

5 JUN 2026

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીનો તા.15/05/2026નો પત્ર ક્રમાંક: DSD/OS/e-file/226/2026/0357/Administrative Branch

(૨) વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2538/CHH

(૩) વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2446/CHH

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના ઠરાવથી સમાજ સુરક્ષાની કચેરી ખાતે આઇ.ટી. શાખા માટે ટેકનિકલ મેનપાવર આઉટસોર્સથી પુરો પાડવા બાબતે ૦૧ પ્રોજેકટ મેનેજર તથા ૦૧ ટેકનિકલ સપોર્ટ એન્જિનિયર એમ કુલ ૦૨ વ્યક્તિઓની આઉટસોર્સથી સેવાઓ GIL દ્વારા નિયત થયેલ મહેનતાણા મુજબ લેવા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૦.૨૬/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના ઠરાવથી સમાજ સુરક્ષા પ્રભાગની વિવિધ યોજનાઓના ઓનલાઈન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે ૧-Full Stack Developer તથા ૦૧-System Administrator એમ કુલ ૦૨ વ્યક્તિઓની સેવા આઉટસોર્સથી મેળવવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૦.૨૨ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા આપવામાં આવેલ છે.

બન્ને ઠરાવથી મંજૂર થયેલ જગ્યાઓ બાબતે લાયકાત, અનુભવ અને પગારધોરણ જેવી બાબતો GIL દ્વારા નિયત કરવામાં આવતી હોઇ અને GIL દ્વારા આ જગ્યાઓ માટે એજન્સીઓ પણ Empanel કરવામાં આવતી હોઇ વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના પત્રથી સદર બન્ને વહીવટી મંજૂરીના ઠરાવની શરત નં.૩માં સુધારો કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:-

પૂખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમાંક:(૨) તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૩) સામેના ઠરાવની શરત નં-૩ "આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજૂરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે." ના સ્થાને નીચે દર્શાવેલ શરત ધ્યાને લેવા આથી ઠરાવવામાં આવે છે.

શરત:-

**" આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજૂરી મળ્યા બાદ GeM portal પર માન્ય આઉટસોર્સ એજન્સી મારફત અથવા GIL દ્વારા Empanel કરેલ એજન્સી મારફત ટેકનીકલ મેનપાવર લેવા નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે. GIL દ્વારા નિયત કરવામાં આવેલ વખતોવખત ટેન્ડરનો સમયગાળો, લાયકાત, અનુભવ તેમજ મહેનતાણાની શરતો મુજબ ટેક્નીકલ મેનપાવર સેવાઓ મેળવવાની રહેશે."**

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૩) સામેના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. )ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬